જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩/૯/૨૦૧૪ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૦/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી ૯૪ લીટર દેશી દારૂ અને ૨ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ખુનની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૨/૧૪**

**સેટેલાઈટઃ** મુકેશભાઇ દેવાભાઇ સોલંકી (રહે. મોડાદેવાનો વાસ, જોગણીમાતા મંદિરની પાછળ, ગુલબાઇ ટેકરા,નવરંગપુરા) એ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે કે તા.૨/૯/૧૪ સાંજના ૭/૩૦ વાગે ગોપાલભાઇ જેઠાભાઇ ભાટી (રહે.ગણેશનગર હાઉસીગ,વાસણા) સેટેલાઇટ સાઇબાબાના મંદિરની સામેની ગલી સુવિધાપાર્ક સોસાયટી સામે, પુજન મ્યુનીસીપલના બગીચાના બાકડા ઉપર બેઠા હતા ત્યારે પરેશભાઇ છગનભાઇ લીમડાવાળા (સોલકી) (રહે.તુલસી મુખીનોવાસ રામદેવનગર ડંગામાં સેટેલાઇટ) એ પ્રેમસબંધની અદાવત રાખી ગોપાલભાઇ સાથે બોલાચાલી ઝઘડો કરી લાકડીથી ગોપાલભાઇના માથાના ભાગે ઇજાઓ કરી મોત નીપજાવી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રીબી.એચ.રાજગોર ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૨૫૩/૧૪**

**સરખેજઃ** રાકેશભાઈ નટવરભાઈ જોશી (રહે.જય કમળેશ્વર મહાદેવના મંદિરની ઓરડીમાં આબલી ગામ) એ તા.૨/૯/૧૪ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૧/૮/૧૪ રાતના ૮/૩૦ થી તા.૧/૯/૧૪ સવારના ૫/૧૫ વાગ્યા દરમ્યાન મંદિરના ગરભગહની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ચાંદીના છત્તર, ૧૦૮ મણકાવાળી ચાંદીની માળા કિમત રૂપિયા ૪૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ કે ગઢવી ચલાવે છે.

**નરોડાઃ** આશિષ માંગીલાલ જૈન (રહે.કેતનપાર્ક સોસાયટી ઉમા સ્કુલ પાસે કુબેરનગર સરદારનગર) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૯/૧૪ રાતનાં ૧૦/૦૦ થી તા.૨/૯/૧૪ સવારના ૯/૩૦ વાગ્યા દરમ્યાન નરોડા ગુજરાત હાઉસીંગ બોર્ડ કૃષ્ણનગર ખાતે પોતાની દુકાન નંબર ૭૨/૧૧૦૮ નો નકુચો તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી અલગ અલગ કંપનીના મોબાઈલ નંગ-૧૦ કિમત રૂપિયા ૪૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ જાડેજા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૨૫૪/૧૪**

**ઈસનપુરઃ** સચીન દીનેશભાઈ પટેલ (રહે.ઉમેદની મુવાડી તાલુકો તલોદ જીલ્લો સાબરકાંઠા) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧/૯/૧૪ બપોરના ૧/૦૦ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન ઈસનપુર બી આર ટી એસ બસ સ્ટેન્ડથી અજાણી વ્યક્તિએ પોતાની નજર ચુકવી પોતાના ખીસ્સામાંથી રૂપિયા ૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.એમ ડી પંચાલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૫/૧૪**

**નરોડાઃ** કનુભાઈ નાથાભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦) (રહે.સોળફળી નરોડા ગામ નરોડા) તા.૨/૯/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે નરોડા ગામ દેવકીનંદન કોમ્પલેક્ષ સામેથી મોપેડ સ્કુટર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે આઈસર ગાડી નંબર જીજે ૨૧ ટી ૩૦૬૫ ના ચાલકે આઈસર ગાડી બેદરકારીથી ચલાવી કનુભાઈને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ જીગ્નેશભાઈ રણછોડભાઈ ચૌહાણે નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ એસ અસારી ચલાવે છે.

**કેનાલમાંથી લાશ મળીઃ-** **સમાચાર યાદી નં.૨૨૫૬/૧૪**

**ઓઢવઃ** તા.૨/૯/૧૪ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે કમલેશભાઈ છગનભાઈ પટણી (ઉ.વ.૩૨)(રહે.ગાંધી સોસાયટી ઓમનગર ફાટક પાસે મેઘાણીનગર) ની લાસ સીએમસી વેરા નજીક કેનાલમાંથી મળી આવી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રાજેન્દ્રકુમાર શિવપ્રસાદ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૫૭/૧૪**

**મેઘાણીનગરઃ** દિનેશ દયામસુંદર (ઉ.વ.૪૧)(રહે.પ્રભાત કોલોની ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ કોઇ કારણસર તા.૨/૯/૧૪ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સાડી વડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દીલીપસિહ ગંભીરસિહ ચલાવે છે.

**દાણીલીમડાઃ** હિનાબહેન ઈમરાન અજમેરી (ઉ.વ.૨૨)(રહે.એકતાનગરના કાચા છાપરાં પાણીની ટાંકી સામે દાણીલીમડા) એ કોઇ કારણસર તા.૧/૯/૧૪ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયા રાતના ૮/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મણીલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.